મૃત્યુ પામેલ નિવૃત્ત કર્મચારીના અંધ પુત્ર/પુત્રીને
કુટુંબ પેન્શન આપવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૯૭–૬૭૯–પી,
સચિવાલય ,ગાંધીનગર.
તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૯.

વંચાણે લીધાઃ– (૧) નાણા વિભાગનો તા.૬–૭–૮૯ નો ઠરાવ ક્રમાંકઃ
એનવીટી–૧૩૮૭–જીઓઆઈ–૧૨–પી.૧
(૨) નાણા વિભાગનો તા. ૨૨–૧૦–૯૦ નો ઠરાવ ક્રમાંકઃ
એનવીટી–૧૩૮૭–જીઓઆઈ–૧૨–પી.૧
(૩) નાણા વિભાગનો તા. ૨૨–૨–૯૬ નો ઠરાવ ક્રમાંકઃ
એનવીટી–૧૩૯૫–૧૨૦–પ
(૪) નાણા વિભાગનો તા. ૨૪–૬–૯૭ નો ઠરાવ ક્રમાંકઃ
એનવીટી–૧૩૯૫–૧૨૦–પ.

ઠ રા વ

આમુખમાં દર્શાવેલ નાણા વિભાગના તા. ૬–૭–૮૯ ના ઠરાવથી અને ત્યારબાદ વખતોવખત થયેલા સુધારાઓ મુજબ મૃત્યુ પામેલ નિવૃત્ત કર્મચારીના શારીરિક/માનસિક અશક્ત/ અપંગ પુત્ર/પુત્રીને કુટુંબ પેન્શન આપવાના હુકમો અમલમાં છે. પરંતુ " અંધ " વ્યક્તિઓનો શારીરિક રીતે અશક્ત/ અપંગની વ્યાખ્યામાં સમાવેશ થઈ શકે કે કેમ તે બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણા બાદ સરકારશ્રીએ ઠરાવેલ છે કે " અંધ " વ્યક્તિ પણ એક પ્રકારની શારીરિક રીતે અશક્તા (disability) ધરાવતી હોઈ, તેનો પણ આ વ્યાખ્યામાં સમાવેશ કરવો અને નાણા વિભાગના ત.ા. ૬–૭–૮૯ ની ઠરાવની જોગવાઈ " અંધ " વ્યક્તિને પણ લાગુ પાડવી.

૩. આ અંગેની અન્ય શરતો/ નિયમો આમુખમાં દર્શાવેલ તેમજ આ અંગે સરકારે વખતોવખત બહાર પાડેલ ઠરાવો, સૂચનાઓ વગેરે મુજબ રહેશે.

—૨–

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપરની સામાન્ય વહીવટ વિભાગની તા. ૯-૧૨-૯૮ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શામજી પટેલ
સંયુક્ત સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

× રાજયપાલશ્રીના સચિવશ્રી.
મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી.
તમામ મંત્રીશ્રી/ રાજયકક્ષાની મંત્રીશ્રીહઓના અંગત સચિવશ્રીઓ.
× સચિવશ્રી, ગુજરાત રાજય સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય ,ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ, ગ.૨ શાખા, સચિવાલય ,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો (૧૦ નકલો સાથે)
પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, અમદાવાદ.
હિસાબ અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ.
સર્વે ખાતાના વડાઓ.
× નાણા વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીઓ.
<u>સિલેકટ ફાઈલ.</u>
× પત્ર દ્વારા.